## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



બાપા... દેશનો પુરે પુરો વિકાસ થઈ ગયો લાગે છે... જુઓ હવે પછાત થવા લોકો આંદોલન કરવા લાગ્યા...!!

# સે-૨૯માં કિશોરીના અપહરણનો પ્રયાસ

**ટ્યુશનથી ચાલતા ઘરે જઈ રહેલી કિશોરીને અભદ્ર માંગણી સાથે બાઈક પર ઉઠાવી જવાનો થયેલો પ્રયાસ : સીસીટીવી કેમેરામાં કેદ : અપાચે બાઈક પર નરાધમ આવ્યો હતો**

ગાંધીનગર, તા.૪

શહરના સેકટર-૨૯ના આંતરીક માર્ગ પર ગઈ સમી સાંજે ૧૨ વર્ષની કિશોરીને ઉપાડી જવાની કોશિષ કોઈ અજાણ્યા બાઈક ચાલક શખ્સે કરી હોવાની ઘટના ધ્યાને આવતા એકલી શાળાએ કે ટ્યુશને જતી વિદ્યાર્થીનીઓની સલામતી પર સવાલો ઉભા થયા છે. સફેદ અપાચે બાઈક પર આવેલ નરાધમ દ્વારા કિશોરીના અપહરણના થયેલા પ્રયાસની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી છે. સીસીટીવી ફુટેજ સાથે સ્થાનિકો સે-૨૧ પોલીસ મથકે પહોંચી ગયા હતા અને અપહરણના પ્રયાસની ફરિયાદ આપતા પીએસઆઈ એ.ડી. ગોહીલે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

શહેરનાં સેકટર-૨૯ ખાતે રહેતી ૧૨ વર્ષીય કિશોરી ગઈ કાલે સાંજે સવા પાંચ વાગ્યાના અરસામાં ટ્યુશનથી ચાલતા ચાલતા પોતાના ઘર તરફ જઈ રહી હતી. દરમિયાન આંતરિક માર્ગ પરથી એક સફેદ રંગના અપાચે બાઈક પર અજાણ્યો યુવાન શખ્સ કશોરીની નજીક આવ્યો અને અભદ્ર માંગણી સાથે તેણીને ઉઠાવી જવાનો પ્રયાસ કર્યો હતો. કિશોરીએ બુમાબુમ કરતા તે શખ્સ ભાગી ગયો હતો. અપહરણના પ્રયાસની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી છે. આ કેમેરાના ફુટેજ લઈને સ્થાનિકો સે-૨૧ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને પોલીસે અપહરણના પ્રયાસ અંગે ગુનો દાખલ કરી નરાધમ યુવાન શખ્સને શોધી કાઢવા પીએસઆઈ ગોહીલે તપાસ આરંભી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત સિવિલ હોસ્પિટલના તમામ વિભાગોના વડાઓની એક બેઠક સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. નાયકે યોજી હતી.

● જી.એમ. ઈ. આર. એસ.ની ગાંધીનગર કોલેજ આયોજિત ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલમાં વી.એસ.એમ.ની ટીમ વિજેતા બની હતી. આઈ.એમ.એ.ની એ ટીમને રસપ્રદ મુકાબલામાં પરાજય આપ્યો હતો.

● આજે યશોદા એવોર્ડ સમારોહને પગલે ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરીમાં કર્મચારી-અધિકારીઓનો ખાલીપો જણાતો હતો.

● ગાંધીનગર મહાનગરપાલિકાની આવી રહેલી ચૂંટણીઓને પગલે ટિકિટ વાંચ્છુઓની દોડાદોડી વધી જવા પામી છે.

● લગ્નસરાની ભરચક મોસમ ચાલતી હોવાથી આજે વિધાનસભાના ઘણા સભ્યો વહેલા ગૃહ છોડી વિસ્તારમાં જવા રવાના થયા હતા.

● આજે ગાંધીનગર સે. ૪માંથી સ્વાઈન ફલુનો મળેલ શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટીવ આવ્યો છે.

# આદીવાડા સ્કૂલમાં શિક્ષકોની ઘટને પગલે કોર્પોરેટર બન્યા શિક્ષક

## શાળામાં ૩૦૦ વિદ્યાર્થીઓ માટે માત્ર ૪ શિક્ષક છે

ગાંધીનગર, તા.૪

રાજયના પાટનગર ગાંધીનગરમાં જ શિક્ષણની સ્થિતિ કફોડી બની રહી છે. શહેરમાં શિક્ષણ ક્ષેત્રે દિવા તળે અંધારા જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. શહેરમાં સમાવિષ્ટ આદિવાડા ગામમાં આવેલ શાળામાં ધોરણ - ૧ થી ૮ માં ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે જેની સામે શિક્ષણકાર્ય માટે માત્ર ૪ શિક્ષક છે. આ શાળામાં ૩ શિક્ષકોની ઘટ વર્ષોથી છે ખુટતા શિક્ષકોની ઘટ પુરવા વારંવારની રજુઆત કરવા છતા હજુ સુધી માંગણી પુરી થઈ શકી નથી. ત્યારે આજે મનપાના વોર્ડ નં - ૧ ના કોરપોરેટર હર્ષજીત પંડયાએ શિક્ષક બનીને વિદ્યાર્થીઓની ટેસ્ટ લઈ શિક્ષણનું સ્તર જાણવા માટે પ્રયત્ન કર્યો હતો. જેમા ગુણવતા વગરનું શિક્ષણકાર્ય અને ગંભીર લાપરવાહી સામે આવી હતી. આગામી દિવસોમાં સરકાર દ્વારા યોગ્ય પગલા લેવામાં નહી આવે તો કોંગ્રેસ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.



રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ શિક્ષણ ક્ષેત્રે અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ શિક્ષણના કાર્યક્રમો પાછળ કરોડો રુપીયાનો ખર્ચ કરવામાં આવે છે છતા પણ ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે કંઈક ખામીઓ બહાર આવે છે. રાજયના પાટનગર ગાંધીનગરમાં સમાવિષ્ટ આદીવાડા ગામ ખાતે આવેલી શાળામાં અંદાજીત ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ધો- ૧ થી ૮ માં અભ્યાસ કરે છે. સરકારી શાળામાં સૌથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી આ શાળામાં માત્ર ૪ શિક્ષકો અને આચાર્ય ફરજ બજાવે છે. આ શાળામાં ત્રણથી વધુ શિક્ષકોની ઘટ છે વર્ષોની વારંવારની રજુઆત છતા હજુ સુધી કોઈ નિર્ણય આવ્યો નથી. ત્યારે મનપાના વોર્ડ નં- ૧ ના કોરપોરેટર હર્ષજીત પંડયા આજે શિક્ષક બન્યા હતા અને બાળકોને ભણાવવાનો પ્રયત્ન કરીને એમનો ઉત્સાહ વધાર્યો હતો. કોરપોરેટર દ્વારા વિદ્યાર્થીઓની ટેસ્ટ લઈ શિક્ષણનું સ્તર જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ ટેસ્ટમાં ગુણવતા વિનાનું શિક્ષણ કાર્ય અને ગંભીર લાપરવાહી સામે આવી છે. આ સ્પશ્ટ રુપે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા થઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. આ શાળામાં ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ વચ્ચે માત્ર ૪ શિક્ષકો છે તેમા પણ ચુંટણી, બોર્ડની પરિક્ષા સહિતની કામગીરીમાં પણ જોડવામાં આવે છે ત્યારે વિદ્યાર્થીઓની પરિસ્થિત વિકટ બની જાય છે. તેમના ભાર વિનાના ભણતરને ચોક્કસ અસર પહોંચે છે. આ અંગે સરકાર દ્વારા યોગ્ય પગલા નહી લેવામાં આવે તો કોંગ્રેસ દ્વારા આગામી સમયમાં આંદોલન કરવામાં આવશે તેમ કોરપોરેટર હર્ષજીત પંડયાએ જણાવ્યું છે.

# ૧૮૧ 'અભયમ્' મોબાઈલ એપનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૪

રાજયભરમાં મહિલા પર કોઈપણ જગ્યાએ હિંસા થઈ રહી હોય તો તેને તાત્કાલિક તેમાંથી બચાવવા માટે રેસ્કયુ કરવાની સેવા તેમજ ફોન ઉપર જરૂરી માહીતી, માર્ગદર્શન અને કાઉન્સેલિંગ સહિતની માહિતી ૧૮૧ અભયમ દ્વારા આપવામાં આવે છે. ત્યારે આજે ગાંધીનગર મેડીકલ કોલેજના હોલ ખાતે રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે ૧૮૧ અભયમ મોબાઈલ એપનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ મોબાઈલ એપ ના ટેકનોલોજીના માધ્યમથી હવે રાજય સરકાર મુશ્કેલ સ્થિતિમાં કોલ કરનાર કોલ કરનાર મહિલાનું લોકેશન જાણી ઝડપી મદદ પુરી પાડવા વધુ નજીક પહોંચી ગઈ છે.

રાજય સરકાર દ્વારા શરુ કરવામાં આવેલ ૧૮૧ અભયમ સેવાને એક વર્ષ પૂર્ણ થયું છે. આ સેવાએ માત્ર ટુંકા ગાળામાં ૧.૧૦.૬૬૭ કરતા વધારે મહિલાઓને વિકટ પરિસ્થિતિમાં સલાહ, બચાવ અને માર્ગદર્શન માટે અભયમની મદદ લીધી છે. રાજયમાં ૨૧.૭૯૯ જેટલી મહિલાઓને તાલીમ બધ્ધ કાઉન્સેલર દ્વારા ત્વરીત અને સ્થળ પર જઈને પરાસર્શ કરીને મદદ પહોંચાજી છે. અનેક મહિલાઓના જીવનમાં નવી આશા જગાડી છે. ત્યારે સમગ્ર રાજયમાંથી મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદને ધ્યાનમાં



રાખીને અદયતન ટેકનોલોજીનો ઉપયોગ કરવાની દિશામાં નવી પહેલ કરી છે. ખાસ કરીને ઓફીસ કામ કરતી અને અભ્યાસ કરતી યુવતિઓ મહિલાઓ વિવિધ પ્રકારના સ્માર્ટ ફોનનો ઉપયોગ કરે છે જેને પગલે એન્ડ્રોઈડ મોબાઈલ એપ દ્વારા મહિલાઓને મદદ પુરી પાડવા વધુ નજીક આવી ગઈ છે. જેમાં મોબાઈલ એપમાં ૧૮૧ બટન દબાવતાની સાથે મહિલાના સ્થળ વિશેની માહિતી જીપીએસના માધ્યમથી ૧૮૧ ના ઈમરજન્સી સેન્ટરને મલી જશે અને વિના વિલંબે ત્વરીત મદદ પુરી પાડવા માટે નજીકના સેન્ટરની અબયમ વાનને મોકલી આપવામાં આવશે. અભયમ એપમાં રજીસ્ટ્રર થયેલા પરિવારના સભ્યો , સંબધીઓ તેમજ મિત્રોના મોબાઈલ નંબર ઉપર ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વાર ત્વરીત ઘટના વિશે વાકેફ કરવામાં આવશે. રાજયભરમાં ૪૩ અભયમની વાન હતી જેમા ૨ વાનનો વધારો કરવામાં આવતા આ સંખ્યા હવે ૪૫ની થઈ ગઈ છે.

# વાવોલ દેવ ઈન્ટરનેશનલ પ્રિ સ્કૂલમાં વાર્ષિકોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૪



ગાંધીનગર શહેર નજીક આવેલ વાવોલ ગામ સ્થિત દેવ ઈન્ટરનેશનલ સ્કૂલમાં આજે પ્રિ સ્કૂલના બાળકોના વાર્ષિકોત્સવની દબાદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતા ૯૫ ભુલકાઓએ વિવિધ ૨૨ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરીને હાજર સૌને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. શાળામાં ઉજવણી પ્રસંગે હાજર વાલીઓએ બાળકોનું પર્ફોમન્સ જોઈ તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા.આ કાર્યક્રમમાં શાળાના તેજસ્વી તારલાઓને ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા.

વાવોલ ઈન્ટરનેશનલ સ્કૂલના સંકુલ ખાતે આજે સવારે પ્રિ સ્કૂલના બાળકોના વાર્ષિકોત્સવ પ્રસંગે આચાર્ય જયોતિબેન પંચાલ, નવિનભાઈ ઉપાધ્યાય, આર.જે. વાઘેલા, એમ.આર.પટેલના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું.ત્યારબાદ કાર્યક્રમમાં આગળ વધતા બાળકોએ ફ્રેન્સી ડ્રેસ, સોલો ડાન્સ, ગ્રુપ ડાન્સ, બાળગીત રજુ કર્યા હતા. શાળાના ૯૫ જેટલા વિદ્યાર્થીઓએ ૨૨ વિવિધ કૃતિ રજુ કરી હતી.

ઘોડે જૈસી ચાલ, હાથી જૈસી દુમ આ ગીતની કોરીયોગ્રાફી પ્લે ગ્રુપના કલાસટીચર રૂષીતાબેન દ્વારા કરવામાં આવી હતી. બાળકોએ એક પછી એક સુંદર કૃતિ રજુ કરતા શાળા સંકુલમાં હાજર સૌએ તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રિ સ્કુલના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઉમા સંસ્કાર તીર્થ ચંદ્રાલામાં કડવા પાટીદાર સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાયો

ગાંધીનગર, તા.૪

ઉમા સંસ્કાર તીર્થ ચંદ્રાલા મુકામે કડવા પાટીદાર સમાજનો ૬ઠ્ઠો જીવનસાથી પસંદગી મેળો યોજાયો હતો. જેમાં ૧૦૦૦ કરતાં વધુ સંખ્યામાં યુવક-યુવતીના વાલીઓ હાજર રહ્યા હતા. કડવા પાટીદાર જીવનસાથી કેન્દ્ર, અમદાવાદ (રાણીપ) ગાંધીનગર સેકટર-૨૪ ચોકડી, કૃષ્ણનગર નરોડાની ત્રણ વર્ષની પ્રગતિનો અહેવાલ ડૉ. ડી.એસ. પટેલે આપેલ હતો. ૨૦૦૯ યુવકો અને ૬૨૭ યુવતીઓની નોંધણી થયેલ છે. જેમાં ૪૪૨ જેટલા યુગલોની સગાઈ-લગ્ન થયાં છે.

સમારંભના ઉદ્ઘાટક સી.કે. પટેલ પ્રમુખ ઉમિયા પરિવાર ચેરિટી ટ્રસ્ટ (અમેરિકાવાળાએ પસંદગી મેળા યોજી વિવિધ સમાજ ગોળોને ભૂલી જઈ સમગ્ર પાટીદાર સમાજમાં સગપણ થાય તેવી અપીલ કરી હતી.

ઉમા સંસ્કાર તીર્થ ચંદ્રાલાના



મેનેજીંગ ટ્રસ્ટી મનુભાઈ પટેલે (પંચવટી)એ વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

પસંદગી મેળાનું સંચાલન કોમલબેન પટેલ, દ્વારકાભાઈ પટેલ, ડૉ. ડી.એસ. પટેલે કર્યુ હતું. નોંધણી કરાવેલ યુવક યુવતીઓની માહિતી સેકટર-૨૪ પટેલ પાર્લરના બીજા માળે જોવા મળી રહેશે. ૪૨-૮૪ સમાજના યુવક યુવતીના બાયોડેટા ઉમા સંસ્કાર તીર્થ ચંદ્રાલામાં પણ મળી રહેશે.

# પંચેશ્વર મહાદેવ ખાતે ૩૮મો શિવરાત્રિ મહોત્સવ ઉજવાશે

## આ પ્રસંગે ચક્ષુ નિદાન કેમ્પ, વ્યસન મુકિત કેમ્પ તથા આરોગ્યલક્ષી સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૪

લીંબડીયા સ્થિત પંચેશ્વર મહાદેવ ખાતે આદ્યસ્થાપક સ્વ. ભગતદાદાની યાદમાં ૩૮મો મહાશિવરાત્રીનો લોકમેળો આગામી તા. ૭ માર્ચને સોમવારના રોજ સવારે ૭ થી સાંજે ૭ કલાક દરમિયાન યોજાશે. આ દિવસે શિવમંદિરમાં ચારે પહોરની આરતી અને દર્શનનો લાભ મહાશિવરાત્રીના શુભ દિવસે મુકેશભાઈ શાસ્ત્રી દ્વારા થનાર રૂદ્રયજ્ઞના દર્શનનો લાભ પણ મળશે. તેમજ બપોરે ૧૨.૦૦ કલાકે ભૂપેન્દ્રભાઈ સાધુ અને કલ્યાણ કલાવૃંદના કલાકારો દ્વારા સંતવાણી તથા ડાયરાનો કાર્યક્રમ યોજાશે.

આ ઉપરાંત લોકમેળા દરમિયાન ગોવિંદભાઈ પ્રજાપતિ દ્વારા આરોગ્યલક્ષી જાણકારી, સદવિચાર પરીવારના આંખના સર્જન ડૉ. અજય પંચાલ દ્વારા આંખોના નંબર તપાસીને ગરીબ દર્દીને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, કનોરિયા હોસ્પિટલ દ્વારા વ્યસન મુકિત કેમ્પ, જિલ્લા આરોગ્ય વિભાગ ગાંધીનગરના સહયોગથી સ્ત્રી જાગૃતિ, બેટી બચાવો, બેટી ભણાવોના કાર્યક્રમનો કેમ્પ તેમજ ડૉ. ભરતભાઈ દ્વારા આયુર્વેદિક પધ્ધતિથી વિના મૂલ્યે ચિકિત્સા સહિતના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

## કલોલ કેન્દ્ર ખાતે ધો-૧૦ પરીક્ષાની બેઠક વ્યવસ્થામાં ફેરફાર

ગાંધીનગર જિલ્લામાં ઘોરણ ૧૦ની માર્ચ૨૦૧૬ની પરીક્ષા તા.૦૮મી માર્ચ, ૨૦૧૬થી આરંભ થાય છે. કલોલ કેન્દ્ર ખાતે ધોરણ૧૦ની પરીક્ષાની બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે વિદ્યાર્થીઓની રસીદમાં શાળાનું સ્થળ શાંતિનિકેતન વિદ્યાવિહાર યુનિટ૧ લખાયેલ છે. તેવા વિદ્યાર્થીઓ કે જેમનો પરીક્ષાનો બેઠક નંબર એ ૪૧૨૪૮૩૮ થી એ ૪૧૨૫૧૩૭, બ્લોક નંબર ૦૨૩ થી ૦૩૨, કુલ બ્લોક ૧૦નું સ્થળ યુનિટ૧, શાંતિનિકેતન વિદ્યાવિહાર, સ્વદેશીની ચાલી, નવજીવન રોડ, કલોલ સમજવાનું રહેશે. તેમજ પરીક્ષા બેઠક નંબર એ ૪૧૨૫૧૩૮ થી એ ૪૧૨૫૪૯૭, બ્લોક નંબર ૦૩૩ થી ૦૪૪, કુલ બ્લોક ૧૨નું સ્થળ શાંતિનિકેતન વિદ્યાવિહાર, ચામુંડા માતા મંદિર સામે, રેલ્વે પૂર્વ, કલોલ સમજવું, તેવું જિલ્લા શિક્ષણાધિકારી, ગાંધીનગર શ્રી એમ. એસ. બારડે જણાવ્યું છે.

# મહિલા સ્વાવલંબન ક્ષેત્રે કડી સર્વ વિશ્વ વિદ્યાલયની અનોખી પહેલ

**વિશ્વ મહિલા દિવસથી "મહિલા ઉદ્યોગ સાહસિકતા સેલ"નો પ્રારંભ કરાશે : ૫૦ લાખના ખર્ચે વિદ્યાર્થિનીઓને કૌશલ્ય આધારિત તાલીમ આપી રોજગારીની તકો પૂરી પડાશે : વિદ્યાર્થિનીઓને પોતાનો વ્યવસાય-ઉદ્યોગ શરૂ કરવા જરૂરી મદદ પૂરી પડાશે**

ગાંધીનગર, તા. ૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંકુલની તમામ કોલેજોની વિદ્યાર્થીનીઓને "વિશ્વ મહિલા દિવસ" નિમિત્ત અનોખી ભેટ પ્રાપ્ત થશે. કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા તા. ૮મી માર્ચથી "મહિલા ઉદ્યોગ સાહસિકતા સેલ'નો પ્રારંભ કરાઈ રહ્યો છે. જે અંતર્ગત વિદ્યાર્થીનીઓમાં રહેલ કૌશલ્યના આધારે તેમને અભ્યાસ સાથે રોજગારી મેળવવાના અને યશસ્વી કારકિર્દી ઘડવા માટેની તક પ્રાપ્ત થશે. "એક કદમ આત્મનિર્ભરતા કી ઓર" કાર્યક્રમ અંતર્ગત સે. ૧૫ના કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંકુલ ખાતે તેનો વિધિવત પ્રારંભ કરાશે.

"વિશ્વ મહિલા દિવસે" કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંકુલની વિદ્યાર્થીનીઓ માટે આત્મનિર્ભરતા ક્ષેત્રે સોનેરી તક સમા "મહિલા ઉદ્યોગ સાહસિકતા સેલ'. અંગે આજે પત્રકાર પરિષદમાં માહિતિ આપતા વિશ્વ વિદ્યાલયના પ્રમુખ વલ્લભભાઈ પટેલે જણાવ્યું હતું કે 'કડી સર્વ વિદ્યાલય સંકુલની આશરે ૧૪ હજાર વિદ્યાર્થીનીઓની સ્કીલ ઓળખી તેમણે જરૂરી વ્યવસાયિક તકો પુરી પાડવા મદદરૂપ બની અમો તેમને જીવનમાં સક્ષમતાથી આગળ વધી શકે તે માટે બધુ જ કરી છુટીશુ. આ માટે વિવિધ વ્યવસાયિક અને ઔદ્યોગિક એકમો સાથે પણ જોડાણ કરી તેમને કારકિર્દી ઘડતરની ઉત્તમ તકો પુરી પાડવા પ્રયત્નો કરાશે. આ ઉપરાંત તેમના કૌશલ્ય વર્ધન માટે જરૂરી તાલીમ આપી અને તેમને મળતા સરકારી યોજનાઓના લાભો અંગે માહિતીગાર કરાશે. આ યોજનામાં તમામ ક્ષેત્રની વિદ્યાર્થીનીઓને આવરી લેવાશે.

મહિલા ઉદ્યોગ સાહસિકતા સેલના મુખ્ય સંયોજક પ્રા. કૃતિ પટેલે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે "મહિલાઓને આત્મનિર્ભરતા તરફ લઈ જવાના આ વિશિષ્ટ પ્રયાસને બળ આપવા માટે કાર્યક્રમના મુખ્ય અતિથિ પદે આપતા ક્રિએશન્સ પ્રા.લિ.ના ડિરેક્ટર મીના કવિયા તથા અતિથિ વિશેષ પદે મેન્સ્ટ્રુપેડિયાના સ્થાપક અદિતિ ગુપ્તા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત આ પ્રસંગે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ વલ્લભભાઈ પટેલ તથા વિશ્વ વિદ્યાલયના ડિરેક્ટર ડી.ટી. કાપડિયા પણ ખાસ ઉપસ્થિત રહેશે.



આ પ્રસંગે કડી સંકુલની ૧૫ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ જેમણે વિવિધ ક્ષેત્રો જેવા કે ગીફટીંગ, વેસ્ટ મેનેજમેન્ટ, ઈન્ટિરિયર ડિઝાઈનર, બ્યુટિક, હ્યુમન રિસોર્સ વગેરેમાં નામના મેળવી છે તેઓ પણ ઉપસ્થિત રહેશે તથા વિદ્યાર્થીનીઓના કારકિર્દી ઘડતરમાં જરૂરી સહયોગ પુરો પાડશે. આ યોજના માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા રૂ. ૫૦ લાખની ફાળવણી કરાઈ છે. જે અંતર્ગત વિદ્યાર્થીનીઓને તાલીમ, સેટઅપ,થી માંડીને સક્ષમતા સુધીનો તમામ સહયોગ પૂરો પડાશે.